**રેગ્યુલર દિવાની અપીલ નંબર.-૩૪/૨૦૨૪.**

**- :: આંક - ૦૧ નીચે હુકમ ::-**

વારંવાર પોકારતાં અપીલવાળા કે તેમના વિધ્વાન વ.શ્રી. હાજર નથી.

રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતાં અપીલવાળાના વિધ્વાન વ.શ્રી.એ ગઇ તા.૧૬/૦૬/૨૦૨૫ના રોજ હાજર રહી આંક-૦૫થી સામાવાળાઓ તરફે કામ એકતરફી ચલાવવાની અરજી આપેલી છે. તે બાદથી આજદિન સુધી એટલે કે એક વર્ષ ઉપરાંતના સમયથી તેઓ હાજર રહેલા નથી કે તેઓએ આપેલી આંક-૦૫ની અરજી સંબંધે દલીલો કરવા હાજર રહેલા નથી કે આંક-૦૧ના અપીલ મેમા સંદર્ભેની કાર્યવાહી આગળ ચલાવવા કોઇ તજવીજ કરેલી નથી. આમ, વારંવાર તેઓ હાજર રહેતા ના હોય તેમજ આજરોજ પણ વારંવાર પોકાર કરાવવા છતાં સાંજના પાંચ વાગ્યા સુધી હાજર રહેલા નથી કે કોઇ રીપોર્ટ રજુ કરેલ નથી. જેથી અપીલવાળાની સતત ગેરહાજરીને ધ્યાને લેતા હાલની અપીલ ચલાવવામાં તેમને કોઇ રસ હોય તેવું જણાઇ આવતું ના હોય તેમને સદર અપીલની કાર્યવાહી આગળ ચલાવવામાં રસ ના હોવાનું ફલીત થતું હોય આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

- :: **હુકમ** ::-

- સદરહું અપીલ, અપીલવાળા તથા તેમના વિધ્વાન વ.શ્રી.ની એક વર્ષ ઉપરાંતના સમયથી સતત ગેરહાજરીને કારણે ડીસ્મીસ કરવામાં આવે છે.

- સદર અપીલમાં કોઇપણ પેન્ડીંગ અરજીઓ/વચગાળાની અરજીઓ હોય તો તે પણ ફેંસલ કરવાનો હુકમ કરવમાં આવે છે.

- હુકમ આજ તા.-૦૪'થી, માહે - ઓગષ્ટ, સને - ૨૦૨૬ના રોજ જાહેર કર્યો.

તા.-૦૪/૦૮/૨૦૨૬.

ભાવનગર.

**( જે. જી. દામોદ્રા )**
પાંચમાં એડી. ડિસ્ટ્રીકટ જજ
ભાવનગર.